---

<u>(સને ૧૯૭૩ ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ ૩૫૫ મુજબનો ચુકાદો)</u>

અમદાવાદના મહે. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટ સમક્ષ.

આંક–૦૩

| | | | |
|---|---|---|---|
| (અ) | કેસનો અનુક્રમ નંબર | :– | ૧૬૬૨૫/૧૮ |
| (બ) | ગુન્હો બન્યાની તારીખ | :– | ૧૬/૦૨/૧૮ |
| (ક) | ફરીયાદીનું નામ | :– | શ્રી સરકાર |
| (ડ) | આરોપીઓના નામ અને સરનામું | :– | નારકડભાઈ શંકરભાઈ પટણી, ઉ.વ.૫ર, રહે. શાંતિલાલ જૈનદાસની ચાલી, સિવીલ ગેટ–૫ ની સામે, અમદાવાદ. |
| (ઈ) | ફરીયાદમાંનો આરોપ અથવા સાબીત થયેલો આરોપી | :– | ઈ.પી.કોડની કલમ ૨૮૩ |

(ફ) આરોપીઓનો જવાબ અને તપાસણી :–

સવાલ – તમોને ફરીયાદની હકીકતો વાંચી સંભળાવી તેમાં જણાવેલ ગુન્હો તમે કબુલ કરો છો કે બચાવ કરવો છે ?

જવાબ – મને ગુનો કબુલ છે.

મારી રૂબરૂ,

તારીખ :– ૨૨/૦૪/૨૦૧૮.

ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ, અમદાવાદ.

(૧) આ કામમાં શાહીબાગ પો.સ્ટેશન ધ્વારા આરોપી વિરૂધ્ધ ઈ.પી.કોડની કલમ ૨૮૩ મુજબના ગુનાનું ચાર્જશીટ કરવામાં આવેલ છે. આ કામે આરોપી અદાલતમાં હાજર થતાં તેમને પોલીસ તપાસના ચાર્જશીટની નકલો ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૦૭ અન્વયે વિનામૂલ્યે આપવામાં આવેલ છે. આરોપીએ ત્યારબાદ ગુના કબુલાત પુરસીસ આંક-૦૨ થી રજુ કરેલ છે અને ત્યારબાદ આરોપીની ચાર્જશીટમાં જણાવેલ ગુના માટે આંક-૦૩ થી પ્લી/નિવેદન લેતાં તેમાં આરોપીએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે.

(૨) સજા બાબતે આરોપીને સાંભળતા આરોપીએ આ તેમનો પ્રથમ ગુનો છે તેમ જણાવે છે અને તેઓ કુટુંબ કબીલાવાળા માણસ છે તથા ભવિષ્યમાં આ પ્રકારનો ગુનો ફરીથી નહી કરવા ખાત્રી આપે છે અને દયા કરવા જણાવે છે. એ.પી.પી.શ્રીએ આરોપીને કાયદા મુજબ થઈ શકતી યોગ્ય સજા કરવા જણાવેલ છે.

(૩) આ કેસની તમામ હકીકત, સંજોગો તથા આરોપી વિરૂધ્ધના ગુના અંગે થઈ શકતી સજાની જોગવાઈને ધ્યાનમાં લેતાં ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરૂં છું.

'' **હુ ક મ** ''

આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ-૨૫૨ હેઠળ ધી ઈ.પી.કો. કલમ ૨૮૩ મુજબા ગુના માટે તકસીરવાન ઠરાવી રૂા.૧૦૦/- અંકેરૂપિયા એક સો પુરા દંડ કરવામાં આવે છે. જો દંડ ના ભરે તો આરોપીને ૨ (બે) દિવસ સાદી કેદની સજા કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તારીખ :- ૨૨/૦૪/૨૦૧૮
અમદાવાદ

**( બી. બી. પટેલ)**
ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
અમદાવાદ.
કોડ નં. જીજે૦૦૨૯૨.